	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૨/૦૩/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૧૮/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૧	૧	૧૩૨	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૪	૧	૧૦૦૬૮૫	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮	૪,૦૦,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦	૨૦,૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૧૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૯૧ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૨૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૨૧/૨૦૨૨**

ઘાટલોડીયાઃ પ્રિયેશભાઇ પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. પુર્વી ટાવર એ વન સ્કુલ સામે સુભાષચોક મેમનગર) એ તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રિયેશભાઈ પટેલ મેમનગર સ્પેક્ટ્રમ કોમ્પ્લેક્ષ ખાતે આર્યન ટ્રેડલીંક નામની ઈલેક્ટ્રોનિક્સની દુકાને કામ કરતા હોઈ આરોપી સ્વપ્નીલ પટેલ (ઓફીસ/ગોડાઉન-એમ/૬૮/૪૦૩/પ્રગતિનગર વરદાન ટાવર સામે નારણપુરા) એ અવાર-નવાર ફોન ઉપર એ.સી., ફ્રીઝ, કુલર જેવા વિજ સાધન ખરીદ કરવા ઓર્ડર આપી ઓર્ડર મુજબ નાણા ચુકવી વિશ્વાસમાં લઈ તા.૨૮/૦૨/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વિજ સાધન ખરીદ માટે ઓર્ડર આપી વિજ સાધનો કિમત રૂપિયા ૨,૧૩,૮૦૦/- મેળવી લઈ તે પૈકીના નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.ગામીત ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ રિધ્ધીબહેન વા/ઓ ઋતુરાજભાઇ વ્યાસ (ઉ.વ.૨૭) (રહે. માલાબાર કાઉન્ટ્રી-૧ નિરમા યુનિર્સિટી પાછળ છારોડી એસ.જી.હાઇવે સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ રિધ્ધીબહેનના ફેસબુક આઇ.ડી. ઉપર AWARA BACHA WOOLEN PALAZZO KURTI SET નામના આઇ.ડી. થી કુર્તી લેવા માટે મેસેજ આવતા રિધ્ધીબહેનને કુર્તી ખરીદ કરવાની હોઈ વોટસએપ નંબર આપતા વોટ્સએપમાં ફોટા મોકલતા પ્લાઝો કુર્તી પસંદ કરી ઓર્ડર આપતા પ્લાઝો કુર્તી પેટે નાણા ચુકવવા કન્ફર્મેશન માટે રિધ્ધીબહેનના ખાતામાં ૧૦ રૂપિયા ટ્રાન્જેક્શન કરી વિશ્વાસમાં લઈ બારકોડ મોકલી બારકોડ સ્કેન કરાવી વોટસએપ નંબર ૮૦૦૧૦૨૦૨૨૧ તેમજ આઈ.ડી.ના ધારકે રિધ્ધીબહેનના ખાતામાંથી કુલ રૂપિયા ૨૨,૩૪૮/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ઈસનપુરઃ રાકેશકુમાર અશોકકુમાર શાહ (ઉ.વ.૪૨) (રહે. એવલોન કોર્ટયાર્ડ બી.આર.ટી.એસ. બસસ્ટેન્ડ પાસે ઘોડાસર) એ તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આશરે એક મહિના પહેલાથી તા.૧૦/૦૩/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ગ્લોબલ એડવાન્ટેજ ઓવરસિસ એજ્યુકેશન કન્સલટંટસ એફ.એફ./૪૦૩ રાધેકિશન આર્કેડ વૈભવ હોલ ઘોડાસર ખાતે આરોપી મૃગેશભાઇ અજીતકુમાર પટેલ (રહે. સ્વતીક રેસીડેન્સી યશ બંગ્લોઝ નિગમરોડ ઘોડાસર) એ રાકેશકુમાર શાહના કલાઇન્ટને યુ.કે.માં નોકરી તથા રહેવા જમવાની વ્યવસ્થા કરી આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ રાકેશકુમાર શાહ પાસેથી આઠ કલાઇન્ટના ડોક્યુમેન્ટ અને કુલ રૂપિયા ૬,૯૯,૦૦૦/- મેળવી લઈ આજદિન સુધી વિઝાનુ કામ નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૨૨/૨૦૨૨**

રામોલઃ રમેશભાઇ કેશવભાઇ પરમાર (રહે. રાજધાની સોસાયટી યુનાઈટેડ સ્કૂલની બાજુમાં અર્પણ સ્કૂલ રોડ વસ્ત્રાલ) એ તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૨ કલાક ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો સળીયો કાપી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના, લેપટોપ અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૨૩/૨૦૨૨**

સેટેલાઇટઃ બિજલ અશોકકુમાર શાહ (રહે. પી.જી. એવન્યુ આશિર્વાદ સોસાયટી પાસે ગોવિંદવાડી ચાર રસ્તા ઇસનપુર) એ તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ શિવરંજની ચાર રસ્તાની બાજુમા ઇસ્કોન સેન્ટર દુકાન નંબર-૪ અને ૫ “તનીસ્ક જ્વેલર્સ” નામની દુકાનમાં ગ્રાહક બની આવેલ ત્રણ સ્ત્રીઓ દુકાનના સેલ્સમેનની નજર ચુકવી દુકાનમાંથી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૩,૦૪,૫૫૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.પ્રજાપતી ચલાવે છે.

કાગડાપીઠઃ જયદેવ મહેશભાઇ જોબનપુત્રા (રહે. નિલકંઠ બંગ્લોઝ વીભુશા બંગ્લોઝ ધુમા બોપલ) એ તા.૨૧/૦૩/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી તા.૧૪/૦૨/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ૧૦ એકર મોલમાં આવેલ રિલાયંસ જીઓની ઓફીસના ધાબા ઉપરથી એ.સી.ના કોપરની પાઇપ કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૨૪/૨૦૨૨**

નારોલઃ પીપળજ-ગામ ભરવાડવાસ ખાતે રહેતા અને વિનોદ ડેનીમ લીમીટેડ કંપની ખાતે કામ કરતા વિપીન સંતોષ વર્મા (ઉ.વ.૨૦) (મુળ વતન. ૧૮૦ ગાંધીનગર ઉરઇ જિ-જાલોન યુ.પી.) તા.૨૦/૦૩/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં ફ્રનીસીંગ વિભાગમાં કામ કરતા હતા ત્યારે મશીનમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૨૪/૨૦૨૨**

ઘાટલોડીયાઃ હિમાંશુભાઇ અરવિંદભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૭) (રહે. રૂદ્ર ટેનામેન્ટ પ્રભાતચોક પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૨ સાંજના ૬/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ કાનાભાઇ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ કલ્યાણી વા/ઓ પ્રમોદકુમાર મલિક (ઉ.વ.૩૪) (રહે. સેકટર-૬ ચાણક્યપુરી ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૨ રાતના ૧૦/૪૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.સી.ગોહિલ ચલાવે છે.

દાણીલીમડાઃ નારોલ બોમ્બે હોટલ ફૈસલનગર શાહઆલમનગર ખાતે રહેતા શરફુદિન કમરૂદિન શેખની તેર વર્ષની પુત્રી આસમાબાનુ એ અગમ્ય કારણસર તા.૨૧/૦૩/૨૦૨૨ કલાક ૧૨/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ગોહીલ ચલાવે છે.

નારોલઃ રેવાભાઇ કમાભાઇ મકવાણા (ઉ.વ.૪૨) (રહે. વૃંદાવનગર રંગોલીનગરની બાજુમાં નારોલ) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૩/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.